ફોન: ૦૨૬૯૨-૨૨૬૮૦૮/૮૫; ઈ-મેલ: exam_spu@spuvvn.edu; વેબસાઇટ: www.spuvvn.edu


# Pre-Examination Process (પરીક્ષા પહેલાની પ્રકિયા)

1) પરીક્ષાની સંભવિત તારીખો તથા ફી માટે પરીક્ષાનું જાહેરનામું બહાર પાડવામાં આવે છે. યુનિવર્સિટીની વેબસાઈટ પર જે તે સમયે મૂકવામાં આવે છે.
2) પરીક્ષાના જાહેરનામાં મુજબ જરૂરી ફી સાથે પરીક્ષા ફોર્મ નિયત સમય મર્યાદામાં કોલેજમાં જ જમાં કરાવાનું હોય છે.
3) પરીક્ષાના જાહેરનામામાં જાહેર કરવામાં આવેલ, પરીક્ષા ફોર્મ અને ફી જમાં કરાવવાની તારીખ સુધીમાં વિધાર્થીએ કોલેજમાં અને કોલેજે યુનીવર્સીટીમાં જમાં કરાવવાના હોય છે,આમ છતા કોઈપણ વિધાર્થીના પરીક્ષા ફોર્મ ભરવાના બાકી રહી જાય તો જાહેરનામામાં દર્શાવ્યા મુજબની તારીખ પ્રમાણે લેટ ફી તથા પેનલ્ટી સાથે પરીક્ષા ફોર્મ ભરી શકાય છે.
4) પરીક્ષા ફોર્મ ભરતી વખતે વિધાર્થીએ પસંદ કરેલા વિષયો ખાસ ચકાસી લેવા જેથી પરીક્ષા સમયે કોઈપણ પ્રકારની સમસ્યા ઉદભવે નહીં.
5) પરીક્ષા શરૂ થવાના ૩ દિવસ પહેલા કોઈ પણ વિધાર્થીનું કોઈપણ સંજોગોમાં પરીક્ષાનું ફોર્મ સ્વીકારવામાં આવતું નથી. તેથી વિધાર્થીઓએ સમયસર પરીક્ષા ફોર્મ ફી સાથે ભરી દેવુ.
6) યુનિવર્સિટી વેબસાઈટ પર જુદા જુદા વિષયો માટે પ્રશ્નપત્રના ફોર્મેટ આપવામાં આવેલ છે તેમાંથી તમને લાગુ પડતા પ્રશ્નપત્રના ફોર્મેટનો અભ્યાસ કરવો.
7) યુનિવર્સિટી વેબસાઈટ પર યુનિવર્સિટીના જૂના પ્રશ્નપત્ર મૂકવામાં આવેલ છે તૈયારી માટે આ પ્રશ્નપત્રનો ઉપયોગ કરવો.
8) પરીક્ષા પહેલા પરીક્ષાના પ્રોગ્રામ જાહેર કરવામાં આવે છે અને તે યુનીવર્સીટીની વેબસાઈટ પર મૂકવામાં આવે છે.
9) પરીક્ષાના પ્રોગ્રામ જાહેર થયા પછી વિધાર્થીઓએ પોતાની હોલટીકીટ કોલેજમાંથી સહી સિક્કા સાથે મેળવી લેવાની રેહશે.
10) જો કોઈ વિધાર્થીની હોલટીકીટમાં વિષયમાં ભૂલ હોય તો વિધાર્થીએ આચાર્યશ્રીના કે વડાશ્રીના સહી સિક્કા કરાવી યુનીવર્સીટીમાં જે તે સુધારો કરાવી લેવાનો રેહશે.

## During Examination (પરીક્ષા દરમ્યાન)

1) વિધાર્થીએ હોલટીકીટમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્ર ખાતે પરીક્ષાની તારીખ જોઈ નિયત સમય કરતાં અડધો કલાક વહેલા પહોચવાનું રહેશે.
2) વિધાર્થીએ પરીક્ષા દરમ્યાન હોલટીકીટમાં દર્શાવેલ નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
3) વિદ્યાર્થીને પરીક્ષા સેન્ટર જે તે ઝોનની બધી જ કોલેજના વિદ્યાર્થીને ભેગા કરી પછીજ સીટ નંબર અને પરીક્ષા કેન્દ્ર ફાળવવામાં આવે છે.
4) વિદ્યાર્થીએ આન્સર બુક માં આપેલ સૂચનાઓ વાંચી તેનું સંપૂર્ણ પાલન કરવું.
5) પરીક્ષા સમયનો સંપૂર્ણ સમયગાળાનો પરીક્ષા આપવામાં સદુપયોગ કરવો. પ્રથમ ૩૦ મીનીટ અને પરીક્ષાની છેલ્લી ૧૦ મીનીટ દરમ્યાન વિધાર્થી પરીક્ષાખંડ છોડી શકશે નહિ.
6) કોઇપણ વિધાર્થી અનિવાર્ય સંજોગોને કારણે પરીક્ષા કેન્દ્ર પર સમયસર પહોંચી શકતો નથી તો આવા સંજોગોમાં વિધાર્થી પરીક્ષા શરૂ થયાના ૩૦ મિનિટ સુધીમાં પરીક્ષા કેન્દ્ર પર પહોંચે અને સેન્ટર કોર્ડીનેટર ને મોડા આવવા માટેનું વ્યાજબી કારણ જણાય તો અને તો જ પરીક્ષામાં બેસવા માટેની મંજૂરી પરીક્ષા સેન્ટર કોર્ડીનેટર આપી શકે છે.
7) યુનિવર્સિટી પરીક્ષા દરમિયાન જે તે પરીક્ષા કેન્દ્રના સેન્ટર કોર્ડીનેટર, સિનિયર સુપરવાઈઝર અને જુનિયર સુપરવાઇઝર ઉપરાંત યુનિવર્સિટી દ્વારા નિયુક્ત કરવામાં આવેલ **ઓબ્ઝર્વર** પણ હાજર હોય છે. ઉપરાંત પરીક્ષા દરમિયાન યુનિવર્સિટી દ્વારા સ્પેશિયલ સ્કોડ પણ વિવિધ પરીક્ષા કેન્દ્રો પર મોકલવામાં આવે છે.
8) જો કોઈપણ વિદ્યાર્થી પરીક્ષા દરમિયાન પરીક્ષાલક્ષી સાહિત્ય સાથે પકડાઈ અથવા વિદ્યાર્થી પરીક્ષા દરમિયાન ગેરવર્તન કે ગેરશિસ્ત કરે છે તો નિયમ અનુસાર તે વિદ્યાર્થીનો કોપીકેસ કરવામાં આવે છે.

ફોન: ૦૨૬૯૨-૨૨૬૮૦૮/૮૫; ઈ-મેલ: exam_spu@spuvvn.edu; વેબસાઇટ: www.spuvvn.edu

# Post Examination (પરીક્ષા પછી)

## Central Assessment (મધ્યસ્થ મૂલ્યાંકન)

1) સેન્ટ્રલ એસેસમેન્ટ પર જે તે પરીક્ષા સેન્ટર ખાતેથી આવેલ ઉતરવહીને ભેગી (Mix) કરીને જે તે વિષયનાં બંડલ બનાવવામાં આવે છે.
2) એક ઉતરવહી એક કરતા વધારે પરીક્ષક દ્વારા તપાસવામાં આવે છે.
3) કન્વીનર દ્વારા કામગીરીની વહેચણી કરવામાં આવે છે તે મુજબ જ પરીક્ષક દ્વારા કામગીરી કરવામાં આવે છે.
4) જે તે વિષય નિષ્ણાત દ્વારા ઉત્તરવહીનું મોડરેશન (પુનઃમૂલ્યાંકન) પણ કરવામાં આવે છે.
5) મૂલ્યાંકન થયેલ વિષયની ઉત્તરવહીને ID STICKER લગાવી માર્કસની એન્ટ્રી માટે મોકલવામાં આવે છે. જેથી પરીણામ જાહેર ન થાય ત્યાં સુધી કોઈ પણ વ્યક્તિને કોઇપણ વિદ્યાર્થીના સીટ નંબરની જાણ હોતી નથી.

## Result

1) પરિણામ તૈયાર થયા પછી યુનીવર્સીટી દ્વારા રીઝલ્ટ નોટીફીકેશન બહાર પાડવામાં આવે છે જે યુનીવર્સીટીની વેબસાઈટ પર મૂકવામાં આવે છે. પરીક્ષા નોટિફિકેશનમાં છેલ્લે આપવામાં આવેલ જરૂરી નોંધ દરેક વિદ્યાર્થીએ ખાસ વાંચવી અને તેને અનુસરવું.
2) પરિણામ માટેનું રીઝલ્ટ નોટીફીકેશન જાહેર થયા બાદ વિધાર્થી પોતાના લોગીન આઈડી માં પોતાનું પરિણામ જોઈ શકે છે.
3) પરિણામ જાહેર થયા બાદ થોડા દિવસોમાં વિધાર્થીની માર્કશીટ જે તે કોલેજ/વિભાગમાં મોકલી આપવામાં આવે છે. જેથી વિધાર્થીઓને માર્કશીટ પોતાની કોલેજ/વિભાગમાં મળી જાય છે.
4) પ્રથમ સેમેસ્ટર/વર્ષની માર્કશીટ મળ્યા બાદ વિદ્યાર્થીએ તમામ વિગતોની ચકાસણી કરી લેવી. વિદ્યાર્થીએ પોતાનું નામ ખાસ ચકાસી લેવું. જો કોઈપણ પ્રકારની ભૂલ જણાય તો યુનિવર્સિટીમાં આવીને તે ભૂલ સુધારવા માટેની જરૂરી કાર્યવાહી કરવી.

## Observation of Answer book

**Observation of Answer book એટલે યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીને પોતાની ચકાસણી થયેલ ઉત્તરવહી રૂબરૂમાં બતાવવાની પ્રક્રિયા**

**1)** જે વિદ્યાર્થીએ Observation of Answer book નું ફોર્મ ભરવું હોય તેવા વિદ્યાર્થીઓ એ પરિણામ જાહેર થયાના ૧૦ દિવસમાં ફોર્મ ભરી દેવાનું હોય છે. ત્યારબાદ ફોર્મ સ્વીકારવામાં આવતુ નથી .

**2)** જે વિદ્યાર્થીએ Observation of Answer book માટે ફોર્મ ભરેલ હોય તેવા વિદ્યાર્થીઓને તેમણે ફોર્મ માં દર્શાવેલ મોબાઈલ નંબર પર Observation of Answer book માટે સમય, સ્થળ તથા તારીખ Text Message થી જણાવવામાં આવે છે.

**3)** જે વિદ્યાર્થીએ Observation of Answer book માટે ફોર્મ ભરેલ હોય અને હાજર રહીને ઉત્તરવહી જોયેલ હોય તેવા વિદ્યાર્થીઓને જો માર્કસ બાબતે અસંતોષ જણાય તો Re-Assessment માટે તેજ દિવસે ફોર્મ ભરી શકે છે.

## Re-Assessment

**1)** રી-એસેસમેન્ટ દરમ્યાન ઉતરવહી જે પરીક્ષક દ્વારા ચકાસણી કરવામાં આવેલ છે તે પરીક્ષક સિવાયનાં અન્ય વિષય નિષ્ણાંત પાસે ઉત્તરવહીની ચકાસણી કરવામાં આવે છે.

**2)** રી-એસેસમેન્ટ દરમ્યાન પ્રથમ પરીક્ષક દ્વારા આપવામાં આવેલ માર્કસને ફ્લેપ વડે દબાવી/ છુપાવી અને ઉતરવહીની ચકાસણી કરાવવામાં આવે છે.

**3)** રી-એસેસમેન્ટમાં મળેલ માર્કસ અને મૂળ માર્કસ નો તફાવત જો પ્રશ્નપત્રના કુલ માર્કસનાં ૧૦% કરતાં ઓછો હોય તો વિધાર્થીના પરિણામમાં કોઈ સુધારો થતો નથી.

**4)** રી-એસેસમેન્ટમાં મળેલ માર્કસ અને મૂળ માર્કસનો તફાવત જો પ્રશ્નપત્રના કુલ માર્કસનાં ૧૦% કરતાં વધારે અને 15% અને તેના કરતાં ઓછા આવે તો મૂળ માર્કસ અને  રી-એસેસમેન્ટમાં મળેલ માર્કસની સરેરાશથી મળતા માર્કસને અંતિમ માર્ક્સ તરીકે ધ્યાને લેવામાં આવે છે.

**5)** જો રી-એસેસમેન્ટમાં પ્રશ્નપત્રના કુલ માર્કસનાં ૧૫% કરતાં વધારે માર્કસનો તફાવત આવે તો બીજા પરીક્ષક પાસેથી ફરીથી ઉતરવહીની ચકાસણી કરાવવામાં આવે છે. આવા સંજોગોમાં મૂળ માર્કસ તથા પ્રથમ અને બીજા પરીક્ષક દ્વારા આપવામાં આવેલ માર્કસ માંથી  જે બે નજીક ના માર્કસ હોય તે બંને માર્કસની સરેરાશ લઈ ને અંતિમ માર્કસ આપવામાં આવે છે.

**6)** રી-એસેસમેન્ટનાં પરિણામ બાબતની માહિતી વિધાર્થીને, વિધાર્થી દ્વારા ફોર્મમાં આપેલ સરનામાં પર ટપાલ મારફતે મોકલી આપવામાં આવે છે.

**7)** જે વિદ્યાર્થીનાં પરિણામમાં સુધારો થાય છે તેવા વિદ્યાર્થીઓએ યુનીવર્સીટીમાં  રૂબરૂ આવી જૂની માર્કશીટ જમાં કરાવી નવી માર્કશીટ મેળવી લેવાની હોય છે.

## On Demand Exam

1) યુનિવર્સિટી દ્વારા સમયાંતરે નાપાસ થયેલ વિદ્યાર્થીઓના વિશાળ હિત માટે On Demand પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે.
2) On Demand પરીક્ષા માટે યુનિવર્સિટી દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવે છે. જે યુનિવર્સિટીની વેબસાઈટ પર મૂકવામાં આવે છે.
3) **જે વિદ્યાર્થીઓને પરિણામમાં NC/ABSENT આવેલી હોય તેવા વિદ્યાર્થીઓજ ઓન ડિમાન્ડ પરીક્ષા આપી શકે છે.**
4) **On Demand પરીક્ષા ડિમાન્ડ પરીક્ષાનું રીએસેસમેન્ટ થતું નથી.**
5) ઓન ડિમાન્ડ પરીક્ષામાં જે વિદ્યાર્થી કોપી કેસમાં પકડાઈ છે તેવા વિદ્યાર્થીઓ ત્યારબાદની કોઈપણ ઓન ડિમાન્ડ પરીક્ષા આપી શકતા નથી.

## Degree Form

1) યુનિવર્સિટી દ્વારા વર્ષમાં બે વખત ડિસેમ્બર અને માર્ચ મહિનામાં ડિગ્રી એનાયત કરવામાં આવે છે.
2) ડિગ્રી ફોર્મ ભરવા માટે યુનિવર્સિટી દ્વારા ડિસેમ્બર મહિનામાં ડિગ્રી સર્ટિફિકેટ મેળવવા માટે જુલાઈ ઓગસ્ટ મહિનામાં અને માર્ચ મહિનામાં ડીગ્રી મેળવવા માટે નવેમ્બર ડિસેમ્બર મહિનામાં જાહેરનામું બહાર પાડવામાં આવે છે.
3) જે વિદ્યાર્થીઓએ બધાજ સેમેસ્ટર/ વર્ષ પાસ કરેલ હોય તેવા જ વિદ્યાર્થીઓ યુનિવર્સિટી દ્વારા નિયત કરેલ સમય અને ફી ભરી ડિગ્રી માટેના ફોર્મ ઓનલાઈન ભરવાના હોય છે.
4) વિદ્યાર્થી દ્વારા ડિગ્રી ફોર્મ અને ડિગ્રી માટેની ફી યુનિવર્સિટી વેબસાઈટ પરથી ભરવાનું હોય છે.
5) વિદ્યાર્થી ડિગ્રી સર્ટિફિકેટ in person અથવા absent રહીને પોતાના ઘરના એડ્રેસ પર મેળવી શકે છે.
6) વિદ્યાર્થીએ ડિગ્રી ફોર્મ ઓનલાઈન ભર્યા બાદ તે ફોર્મ યુનિવર્સિટીમાં જમા કરાવવાનું હોતું નથી.
7) જે વિદ્યાર્થીઓ ગોલ્ડ મેડલ મેળવે છે તેવા વિદ્યાર્થીઓને convocation ના દિવસે ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવે છે.

## Other Services

1) યુનીવર્સીટી દ્વારા WES/IQAS વગેરે જેવી વિદેશને લગતી કામગીરી કરવામાં આવે છે, તથા
2) ઈ-મેઈલ દ્વારા વેરીફાય કરેલ ડોક્યુમેન્ટ ને મોકલવામાં આવે છે.
3) યુનીવર્સીટી દ્વારા રેન્ક સર્ટીફીકેટ આપવામાં આવે છે.
4) યુનીવર્સીટી ઈ-મેઈલ દ્વારા અને રૂબરૂમાં પણ ડોક્યુમેન્ટ ચકાસણી કરી આપે છે.
5) યુનીવર્સીટી દ્વારા ટ્રાયલ સર્ટીફીકેટ આપવામાં આવે છે.

ઉપરોક્ત સુવિધાઓ માટે યુનીવર્સીટી દ્વારા નિયત ફોર્મ અને નક્કી કરેલ ફી યુનીવર્સીટીના હિસાબ વિભાગમાં ભરવાની હોય છે. ઉપરાંત તેના માટેની વિસ્તૃત માહિતી યુનીવર્સીટી વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

## Important Links

| | |
|---|---|
| **University website** | https://www.spuvvn.edu/ |
| **Student Corner** | https://www.spuvvn.edu/students_corner/ |
| **Examination** | https://www.spuvvn.edu/students_corner/examination-information/ |
| **Result** | https://www.spuvvn.edu/students_corner/results/ |
| **Convocation** | https://www.spuvvn.edu/students_corner/convocation_details_forms/ |